ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

**OFFICE OF THE**
**CHIEF ELECTORAL OFFICER**
**GUJARAT STATE**

**General Administration Department (Election Division)**
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

# અખબારી યાદી

ઈવીએમ(ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન) સાથે ચેડા ન થાય તે માટે રાજ્યમાં સેવા આપતી વિવિધ ટેલીકોમ કંપનીઓને તેમની ઈન્ટરનેટ સેવાઓ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના સંદર્ભમાં મતગણતરીના દિવસે તા.૧૮.૧૨.૧૭ના રોજ બંધ રાખવા માટે રાજ્યના કેટલાક જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેકટરશ્રીઓની કચેરીને ઉદ્દેશીને રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના નામે તા.૦૭.૧૨.૧૭ ની તારીખ દર્શાવી એક હુકમ રવાના કરવામાં આવેલ હોવાનો સંદેશ વિવિધ વોટ્સએપ ગ્રુપ તથા સોશિયલ મીડિયામાં ફરતો થયેલ છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ બાબતે આજ રોજ તા.૧૭.૧૨.૧૭ના રોજ આવો કોઈ હુકમ તેમની કચેરી દ્વારા ન કરાયો હોવાની અને તે કચેરીમાં શ્રી કે.એલ. પરમાર નામના કોઈ અધિકારી ફરજ ન બજાવતા હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે, તે તરફ સર્વેનું ધ્યાન દોરવામાં આવે છે.

ઉપર્યુક્ત વિગતો જોતા કોઈ વિઘ્નસંતોષી વ્યક્તિ દ્વારા લોકોમાં અને વહીવટી તંત્રમાં ભ્રામક માન્યતાઓ ફેલાય તે હેતુસર આવો નકલી હુકમ ફરતો કરવામાં આવ્યો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે વિધાનસભા ચૂંટણીની બાબત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીના કાર્યક્ષેત્રમાં આવે છે. આથી રાજ્યમાં તાજેતરમાં યોજાઈ ગયેલ ચૂંટણીના અનુસંધાને મતગણતરી બાબતે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આવી કોઈ સુચના આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આથી સંબંધિત સર્વેને ઉપર્યુક્ત વિગતોની નોંધ લેવા તથા આ ભ્રામક પ્રચાર તરફ ધ્યાન ન આપવા વિનંતી છે.

(બી. બી. સ્વૈન)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત રાજ્ય
તા.૧૭.૧૨.૨૦૧૭

પ્રતિ

- માહિતી કમિશ્નરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. – આ અખબારી યાદીને જુદા-જુદા વર્તમાન પત્રોમાં બહોળી પ્રસિદ્ધિ મળે તે મુજબની કાર્યવાહી કરવાની વિનંતીસહ.